# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તાઃ ૧૫ /૦૨/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## કેમીકલ અંગેના વેટ દરમાં રાહત

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એક અખબારી યાદીમાં જણાવે છે કે, મુલ્ય વર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ અંતર્ગત તા. ૦૧–૦૮–૨૦૦૯ થી કેમીકલ્સની એન્ટ્રી રદ કરવામાં આવેલી – આ એન્ટ્રી રદ કરવા પાછળનું કારણ કેટલાક કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીયલ ઈનપુટમાં પણ સમાવેશ થતાં હોય ડુપ્લીકેશન દુર કરવા જણાવેલ. આ પરિસ્થિતિએ કેટલાંક કેમીકલ્સ અને ઓકઝીલરી આઈટેમ્સ ઉપર વેરાનું ભારણ ૪% થી ૧૨.૫% તથા એડીશનલ ટેક્ષ થવા પામેલ. વેપાર ઉદ્યોગ તથા ઔદ્યોગિક એકમો ઉપરનો કરબોજ દુર કરવા સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધ્વારા વાણિજયક વેરા કમિશ્નર ,અમદાવાદ તથા ગુજરાત રાજય સરકારને વિસ્તૃત આવેદન આપી, વેપાર ઉદ્યોગ તથા કરવેરા સલાહકાર સાથે રાજય કક્ષાએ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળા, ગ્રુપ ચેરમેન શ્રી ધીરેન થરનારી, કમિટિ ચેરમેન શ્રી હેમંત દેસાઈ, સભ્ય શ્રી રાકેશ ચૌધરી, શ્રી બંસીભાઈ મહેતા, તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. રાજય સ્તરની મિટિંગમાં ચેમ્બરનું પ્રતિનિધિત્વ ખૂબ સફળ રહેલ અને રજૂઆત પૈકી આયર્ન ઓકસાઈડ, સલ્ફેડ, ઈસ્ટ, કાર્બન બ્લેક ફીડ સ્ટોક, એબોનીયલ નાઈટ્રેટ, સીન્થેટીક ઓર્ગેનીક ટેનીગ, સીન્થેટીક ઓર્ગનીક કલરીગ મેટર, પીગમેન્ટ પેસ્ટ, અલ્ટામરીન બ્લ્યું પીગમેન્ટ મેટાલીક પાવડર, બ્લેન્કેટ એડેસીવ ફકત ટેક્ષ્ટાઈલમાં વપરાતાં, ફોટોગ્રાફી કેમીકલ ટેક્ષ્ટાઈલ, ઉપર રાજય સરકારે તા. ૧૫–૦૨–૨૦૧૦ થી અમલમાં આવતુ જાહેર નામુ બહાર પાડી સદર ચીજ વસ્તુઓ એન્ટ્રી ૪૨ એ હેઠળ ૪% વેટ તથા ૧% એડી ટેક્ષ લાગુ પડે તેવુ જાહેર કરેલ છે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આ જાહેરનામાને આવકારે છે.